ભારતના ગગન નારંગને કાંસ્ય ચંદ્રક

લંડન, તા.૩૦

લંડન ઓલમ્પિકના ચોથા દિવસે સ્ટાર શૂટર ગગન નારંગે શાનદાર દેખાવ કરતાં કાસ્યચંદ્રક જીતી મેડલ ટેલીમાં ભારતનું ખાતુ ખોલાવ્યું હતું. ૧૦ મીટર એર રાઈફલ સ્પર્ધામાં ગગન નારંગે ફાઈનલમાં ૧૦૩.૧ પોઈન્ટ મેળવી કુલ ૭૦૧.૧ના સ્કોર સાથે કાસ્ય ચંદ્રક જીત્યો હતો. આ પહેલાં ક્વોલીફાઈંગ રાઉન્ડમાં નારંગે ૫૯૮ પોઈન્ટ મેળવીને ત્રીજું સ્થાન હાંસલ કર્યું હતું. ફાઈનલમાં નારંગે ૧૦ પ્રયત્નોમાં અનુક્રમે ૧૦.૭, ૯.૭, ૧૦.૬, ૧૦.૭, ૧૦.૪, ૧૦.૬, ૯.૯, ૧૦.૩ અને ૧૦.૭ પોઈન્ટ મેળવ્યા હતા. ગત બેજીંગ ઓલમ્પિકની ફાઈનલમાં નારંગ સ્થાન મેળવી શક્યો ન હતો.

જો કે આ વખતે તે ચંદ્રક જીતવામાં સફળ થયો છે. જો કે બેજીંગ ઓલમ્પિકમાં સુવર્ણચંદ્રક જીતનાર સુપરસ્ટાર અભિનવ બિન્દ્રા આ વખતે ફાઈનલમાં પણ પહોંચી ન શકયો. જ્યારે મહિલા તીરંદાજ લેસરામ બોમ્બાલ્યાદેવી ટોચના ૩૨મા આવીને હારી ગઈ. નારંગે ક્વોલીફાઈંગ રાઉન્ડમાં ભાગ લીધેલ ૪૭ શૂટરોમાં ત્રીજા સ્થાને રહ્યો હતો. નારંગે પ્રથમ શ્રેણીમાં ૧૦૦, બીજીમાં ૧૦૦,

ત્રીજીમાં ૯૭, ચોથીમાં ૧૦૦, પાંચમીમાં ૧૦૦ અને છઠ્ઠીમાં પણ ૧૦૦ અંક મેળવ્યા હતા. જ્યારે બિન્દ્રાએ પ્રથમ અને દ્વિતીય શ્રેણીમાં ૯૯-૯૯ અને ત્રીજી અને ચોથીમાં ૧૦૦-૧૦૦ અંક મેળવ્યા હતા. જો કે પાંચમીમાં ૯૯ અને છઠ્ઠીમાં ૯૭ અંક મેળવી તે ફાઈનલમાંથી બહાર થઈ ગયો હતો. ઈટલીના મિકોલો કેમ્પ્રિયાની અને રોમાનિયાના એલીન જ્યોર્જ મોલ્ડોવિપાનુએ ૫૯૯-૫૯૯ અંક મેળવ્યા હતા.

બંનેએ ચાલુ વિશ્વરેકોર્ડની પણ બરોબરી કરી હતી. ફાઈનલમાં અલિને કેમ્પ્રિયાનીને પછડાટ આપી ૧૦૩.૧ પોઈન્ટ મેળવી કુલ ૭૦૨.૧ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો છે. જ્યારે કેમ્પ્રિયાની એ ફાઈનલમાં ૧૦૨.૫ પોઈન્ટ મેળવી કુલ ૭૦૧.૫ પોઈન્ટ સાથે સિલ્વર મેડલ જીત્યો હતો.

દરમિયાન લંડન ઓલમ્પિકમાં ભારતનું ખાતુ ખોલનાર શૂટર ગગન નારંગને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને વડાપ્રધાન મનમોહનસિંઘે અભિનંદન આપ્યા હતા. જ્યારે હરિયાણાના મુખ્યમંત્રી ભૂપેન્દરસિંહ હુંડાએ એક કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી.

નારંગની સિદ્ધિઓ

- ૨૦૧૦માં પદ્મશ્રી એવોર્ડ
- ૨૦૧૦માં દેશના સૌથી સર્વોચ્ચ રમતગમત પુરસ્કાર 'રાજીવ ગાંધી ખેલ રત્ન'થી પણ નવાજવામાં આવ્યો હતો.
- ૨૦૦૬માં મેલબોર્ન ખાતે વ્યક્તિગત ૧૦ મીટર એર રાઈફલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ.
- ૨૦૦૬માં મેલબોર્ન ખાતે ૧૦ મીટર એર રાઈફલની ડબલ્સ સ્પર્ધામાં પણ ગોલ્ડ મેડલ.

ઉત્તર ભારતના રાજ્યોમાં અંધારપટ

નવી દિલ્હી,તા.૩૦

નોર્ધનગ્રીડ ફેલ થઈ જવાના કારણે રાત્રે આશરે અઢી વાગે દિલ્હી સહિત ઉત્તર ભારતના નવ રાજ્યોમાં અંધારપટ્ટની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. વિજળી ફેલ થઈ જવાના કારણે દિલ્હીની લાઈફ લાઈન સમાન ગણાતી મેટ્રો ટ્રેનને પણ રોકી દેવામાં આવી હતી. જ્યારે વિજળીથી ચાલતી આશરે ૩૦૦થી વધુ ટ્રેનો અટવાઈ પડી હતી. જો કે આજે સવારે ઉર્જા પ્રધાન સુશીલકુમાર શિંદેએ કહ્યું હતું કે આ કટોકટીને દૂર કરવા યુદ્ધના ધોરણે પ્રયાસ ચાલી રહ્યા છે. નોર્ધનગ્રીડમાં ખામી થઈ ગયા બાદ છ કલાકના ગાળામાં જ આશરે ૬૦ ટકા વિસ્તારમાં સ્થિતિ સમાન્ય બનાવી દેવામાં આવી છે. જો કે ઘણા બધા વિસ્તારો હજુ પણ અંધારપટ્ટ વિસ્તારમાં છે. ઉત્તર ભારતના લગભગ તમામ રાજ્યોમાં અંધારપટ્ટની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. વીજપુરવઠો ૬૦ટકા વિસ્તારમાં પુન શરૂ થઈ ચૂક્યો છે. તમામ જરૂરી સેવા શરૂ થઈ ચૂકી છે. સિંધેએ કહ્યું હતું કે પ્રાથમિક તપાસ દર્શાવે છે કે આગ્રા નજીક ગ્રીડમાં ખામી સર્જાઈ હતી. જેના કારણે સમગ્ર ગ્રીડમાં તેની માઠી અસર થઈ હતી.

આના લીધે મોટા થર્મલ પાવર પ્લાન્ટ અને હાઈડ્રો ઈલેક્ટ્રીક સ્ટેશનમાં ટ્રીપીંગની સ્થિતિ સર્જાઈ હતી. નોર્ધનગ્રીડમાં વહેલી પરોઢે ૨.૩૦વાગે ટ્રીપીંગની સ્થિતિ સર્જાઈ હતી જેથી ઉત્તર પ્રદેશ, દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, હિમાચલ

પ્રદેશ, જમ્મુ કાશ્મીરમાં અંધારપટ્ટ છવાઈ ગયોહતો. જાન્યુઆરી ૨૦૦૧ બાદથી સૌથી ગંભીર નોર્ધનગ્રીડ ફેલિયર તરીકે આને ગણવામાં આવે છે. એકાએક નોર્ધનગ્રીડ ફેલિયરના કારણે ઉત્તર ભારતમાં અંધારપટ્ટ છવાઈ ગયો હતો. આ પ્રદેશમાં ટ્રેન સેવા પણ ખોરવાઈ ગઈ હતી. મેટ્રો સેવા ઠપ્પ થઈ ગઈ હતી. જો કે વીજ પુરવઠો ટ્રેન સેવામાં શરૂ થઈ ચૂક્યો છે. દિલ્હીમાં ઈન્દીરા ગાંધી આંતરાષ્ટ્રીય વિમાની મથકે કામગીરી સામાન્ય બની ચૂકી છે કારણ કે સમગ્ર વ્યવસ્થા બેકઅપ જનરેટર ઉપર લઈ લેવામાં આવી છે. દિલ્હી મેટ્રોમાં ધીમી ગતિએ સેવા શરૂ થઈ ચૂકી છે. ડીટીસી બસ સેવા ઠપ્પ થઈ ગઈ છે. વીજળી નહીં હોવાના કારણે સીએનજી સ્ટેશનોને બંધ કરી દેવામાં આવ્યા છે. સીએમડી પાવર ગ્રીડ આર એન નાયકે કહ્યું છે કે વેસ્ટન અને ઈસ્ટન ગ્રીડમાંથી વીજળી લેવામાં આવી રહી છે. જરૂરી લોડ લેવાઈ રહ્યો છે. હોસ્પિટલમાં દર્દીઓની હાલત કફોડી બની ગઈ હતી.

રેડ લાઈટ ઉપર ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ હતી. લોકો વિજળી નહીં હોવાના કારણે હેરાન પરેશાન દેખાયા હતા. સવારે ૭ વાગે વીજળી પુરવઠો સામાન્ય થવા લાગ્યો હતો. દિલ્હી જલ બોર્ડના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ થઈ જવાના કારણે સવારે પાણીનો પુરવઠો મળી શક્યો ન હતો. નોર્ધનગ્રીડથી મળેલી માહિતી મુજબ રાત્રે ૨.૩૨ વાગે ૪૦૦ કેવીની ગ્લાલિયર-આગરા સર્કિટ-૨ અને ૪૦૦ કેવીની જેરદા-કંકરોલી ઈંટર રીઝનલ લાઈનોમાં ખરાબી આવી હતી જેના કારણે નોર્ધનગ્રીડ ફેલ થઈ જવાની સ્થિતિ સર્જાઈ હતી.

તમિળનાડુમાં ટ્રેનમાં આગથી ૫૦નાં મોત

ચેન્નાઈ,તા.૩૦

દિલ્હીથી ચેન્નાઈ જતી તમિલનાડુ એક્સપ્રેસના એક ડબ્બામાં સોમવારે વહેલી સવારે વિનાશકારી આગ ફાટી નીકળતા ઓછામાં ઓછા ૩૨ લોકો બળીને ભડથું થઈ ગયા છે અને ૨૮થી વધુ યાત્રીઓ દાઝી ગયા છે. જોકે બિનસત્તાવાર રીતે મોતનો આંકડો ૫૦થી પણ વધુ જણાવવામાં આવી રહ્યો છે. મોતનો આંકડો હજુપણ વધી શકે છે. કારણ કે ઘણાંની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ટ્રેનના કોચ એસ-૧૧માં આ આગ ફાટી નીકળી હતી. માહિતીગાર રેલવે સૂત્રોએ જણાવ્યું હતું કે, ચેન્નાઈથી આશરે ૧૫૦ કિલોમીટરના અંતરે નેલ્લોરથી ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. આ દુર્ઘટના એ વખતે થઈ જ્યારે ટ્રેન આંધ્રપ્રદેશમાં નલ્લોર સ્ટેશનમાંથી રવાના થઈ રહી હતી. ડીવીજનલ રેલવે મેનેજર અનીલ કુમારે આ દુર્ઘટનામાં ૫૦ લોકોના મોત થયા હોવાના અહેવાલને સમર્થન આપ્યું છે. જે ડબ્બામાં વિનાશકારી આગ

ફાટી નીકળી તેમાં ૭૨ લોકો યાત્રા કરી રહ્યા હતા. નેલ્લોરના જિલ્લા કલેક્ટર બી શ્રીધરે માહિતી આપતા કહ્યું છે કે ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટના કારણે સંભવિત રીતે આ આગ ફાટી નીકળી હતી. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને તરત જ હોસ્પિટલમાં ઘસેડવામાં આવ્યા હતા જ્યારે ટ્રેન નેલ્લોર સ્ટેશનથી નીકળી રહી હતી ત્યારે રેલવે કર્મચારીઓએ આગ લાગી હોવાની નોંધ લીધી હતી અને ટ્રેનને તરત જ રોકી દીધી હતી. ફાયરબ્રિગેડની ટીમ પણ પહોંચી ગઈ હતી પરંતુ ત્યા સુધી સમગ્ર ડબ્બામાં આગ ફાટી નીકળી હતી.

આગને બીજા ડબ્બામાં ન ફેલાય

તે માટે તરત જ આ ડબ્બાને ટ્રેનથી અલગ કરી દેવામાંઆવ્યોહતો. જિલ્લા કલેક્ટર અને જિલ્લા એસપી સહિત તમામ અધિકારી ઘટના સ્થળે પહોંચી ગયા છે. બચાવ અને રાહત કામગીરી પર નજર રાખવામાં આવી રહી છે. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરાયા છે. ટોયલેટ નજીક શોર્ટ સર્કિટ થતાંઆગ ફાટી નીકળી હતી. આગ લાગી ત્યારે ટ્રેન પ્રતિ કલાક ૧૧૦ કિલોમીટરની ઝડપે પસાર થઈ રહી હતી. આ ટ્રેન દિલ્હીથી ચેન્નાઈ જઈ રહી હતી. વહેલી પરોઢે ૪.૩૦ વાગે આગ ફાટી નીકળી ત્યારે તમામ યાત્રીઓ ઊંઘમાં હતા. લોકોને તાત્કાલીક બહાર આવી જવાની તક મળી ન હતી. આગ ખૂબ જ ઝડપથી ફેલાઈ ગઈ હતી જેથી યાત્રીઓને બારણા તરફ આવવાની તક મળી ન હતી. કેટલાક યાત્રીઓ બહાર આવી ગયા હતા જ્યારે અન્યોના મોત થયા હતા. તમામના મૃતદેહ ખૂબ જ ખરાબ રીતે દાઝી ગયા હોવાથી ઓળખવીધી કરવામાં મુશ્કેલી પડી રહી છે.

લોકપાલ બિલ નહીં આવે તો સરકારને જવું પડશે : અન્ના

નવી દિલ્હી, તા.૩૦

મજબૂત જનલોકપાલ બિલ મુદ્દે ઉપવાસ પર ઉતરેલ પીઢ ગાંધીવાદી અન્ના હજારેની બીજા દિવસે તબિયત સ્થિર છે. ઉપવાસના બીજા દિવસે અન્નાએ ચેતવણી આપી હતી કે મજબૂત લોકપાલ બિલ નહીં લાવો તો કેન્દ્ર સરકારને જવું પડશે. હવે દેશભરમાં વિરોધ પ્રદર્શનની એક લહેર બની રહી છે.

ગઈકાલે રવિવારે મોટી સંખ્યામાં ભીડ ઉમટ્યા બાદ આજ સવારે ઉપવાસના સ્થળ જંતર-મંતર પર ૪૦૦ લોકો હતા. આયોજકોએ કહ્યું હતું કે, વરસાદ અને મેટ્રો સેવામાં ઉભા થયેલા અવરોધને કારણે ઓછા લોકો આવ્યા છે. અન્ના આજે ૧૧ વાગે મંચ પર આવ્યા હતા. તેમણે લોકોને સંબોધન કરતાં કહ્યું હતું કે, દેશમાં ભ્રષ્ટાચાર સામે વિરોધ પ્રદર્શનની એક લહેર બની રહી છે.

મને લાગે છે કે સરકારે એક મજબૂત લોકપાલ બિલ લાવવું પડશે અથવા તેને જવું પડશે. જ્યારે તેમના ચાવીરૂપ સાથી અરવિંદ કેજરીવાલે ટ્વીટર પર કહ્યું હતું કે, આ વખતે કરો યા મરો. આ અઠવાડિયું દેશને સમર્પિત કરે. તમે તમારા કાર્યાલય અને કોલેજમાંથી રજા લઈ લો. માર્ગો પર ઉતરી આવો. માત્ર એક જ અઠવાડિયા માટે ટીમ અન્નાની એક અન્ય સભ્ય કિરણબેદીએ કહ્યું હતું કે, આગામી થોડા દિવસમાં દેશના ભવિષ્યનો ફેંસલો થશે. આજે ફિલ્મ નિર્દેશક શેખરકપૂરનું પણ સમર્થન મળ્યું છે. તેમણે કહ્યું હતું કે, ભારત સરકારને બદલવાની જરૂરીયાત નથી. હવે રાજકીય વ્યવસ્થા પરિવર્તન કરવાની જરૂર છે.

આસામ હિંસા : ગૃહમંત્રી રાહત છાવણીમાં પહોંચ્યા

કોકરાઝાર,તા.૩૦

કેન્દ્રીય ગૃહપ્રધાન ચિદમ્બરમે આજે આસામમાં હાલમાં જ ભડકી ઉઠેલી હિંસામાં ભોગ બનેલા લોકો સાથે કેમ્પમાં વાતચીત કરી હતી અને તેમની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. કોકરાઝાર જિલ્લામાં શરણાર્થીઓ માટે સ્થાપિત કરવામાં આવેલાં કેમ્પમાં ભોગ બનેલાં લોકો અંગે માહિતી મેળવી હતી અને તમામ સંભવિત મદદની ખાતરી આપી હતી. ખાસ હેલિકોપ્ટરમાં ચિદમ્બરમ ગુવાહાટીથી પહોંચ્યા હતા અને તીતાગુડી હાઈસ્કુલમાં સ્થાપિત કેમ્પમાં ભોગ બનેલા લોકોને મળ્યા હતાં. વડાપ્રધાન મનમોહનસિંહે બે દિવસ પહેલાં જ કોકરાઝાર અને અન્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી અને ૩૦૦ કરોડનાં પેકેજની જાહેરાત કરી હતી. ચિદમ્બરમ સાથે પૂર્વીય પ્રદેશનાં કેન્દ્રીય પ્રધાન પણ હતાં. ઉત્તર પૂર્વીય પ્રદેશનાં વિકાસ રાજ્ય પ્રધાન પવનસિંહ અને રાજ્ય પરિવહન પ્રધાન ચંદન બર્મા પણ હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, આસામ હિંસામાં હાલમાં ૫૦થી વધુ લોકોનાં મોત થયા છે. બોડો અને લઘુમતીઓ વચ્ચે ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસામાં વ્યાપક નુકસાન થયું છે. હવે જનજીવન સામાન્ય બની રહ્યું છે. રાત્રિ સંચારબંધી જારી રાખવામાં આવી છે પરંતુ દિવસ સંચારબંધી ઉઠાવી લેવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવાયા છે.

મારૂતી માનેસરમાં ૧,૦૦૦ લોકોની ભરતી કરે તેવી વકી

નવી દિલ્હી,તા.૩૦

માનેસરમાં મારૂતીના પ્લાન્ટમાં વ્યાપક હિંસા તાજેતરમાં થયા બાદ હવે મારૂતી માનેસર ખાતે ૧૦૦૦ કર્મચારીઓની ભરતી કરવાની યોજના ધરાવે છે. મારૂતી માનેસર પ્લાન્ટમાં થયેલી હિંસાને લઈને કોઈપણ પ્રકારના બાધછોડના મૂડમાં દેખાઈ રહી નથી. પ્રોડક્શન શરૂ કરવાની તૈયારી પણ હાથ ધરવામાં આવી છે. માનેસર પ્લાન્ટમાં હિંસા થયા બાદ લોકઆઉટની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ હવે લોકઆઉટને દૂર કર્યા બાદ મારૂતી સુઝુકી સૌથી પહેલાં જરૂરી મેનપાવર એકત્રિત કરી આગામી કાર્યવાહી હાથ ધરવા તૈયાર છે. ગોરેગાવમાંથી વર્કરોને લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ ઉપરાંત નવેસરથી ભરતી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે. કંપની તેના ગોરેગાંવ પ્લાન્ટ અને અન્યત્ર જગ્યાએ જુદા જુદા પ્રકારની વેરાયતીની શોધ કરી રહી છે. પ્રોડક્શન પુન શરૂ કરવાની તૈયારી શરૂ કરી લેવાઈ છે. જો કે પ્લાન્ટમાં ફરી પ્રોડક્શન ક્યારે શરૂ થશે તે અંગે હજુ કોઈ નિર્ણય કરાયો નથી. ૧૮મી જુલાઈના દિવસે ભારે તોડફોડ અને હિંસા થઈ હતી જેમાં એક જનરલ મેનેજરનું મોત થયું હતું અને ૧૦૦ જેટલા કર્મચારીઓ ઘાયલ થયા હતા. પ્લાન્ટમાં ઉત્પાદનને બંધ કરી દેવામાં આવતા બ્લોક બસ્ટર કાર સ્વીફ્ટ અને ડીઝાયરનું ઉત્પાદન અટકી ગયું હતું. સંપર્ક કરવામાં આવતા મારૂતી સુઝુકીમાં માનવ સંશાધન અધિકારી વાય એસ સીધીકીએ કહ્યું છે કે કંપની માટેની પ્રાથમિકતા તેના વર્કફોર્સના ઝડપી રિકવરી માટેની છે.

આ ઉપરાંત અમારા કર્મચારીઓની સુરક્ષા અને સલામતીની બાંયધરી માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. કામચલાઉ તબક્કામાંથી બહાર નીકળીને અનુભવી વર્કફોર્સનો ઉપયોગ કરવામાં આવશે. મારૂતી ટ્રેની લોકોની પણ ભરતી કરશે. આ લોકોને તાલીમ આપવામાં આવશે. પ્રાથમિક એવો અંદાજ છે કે કંપની ૧૦૦૦ લોકોની ભરતી કરશે. કંપની ૧૮મી જુલાઈની હિંસામાં સામેલ રહેલા મોટી સંખ્યામાં લોકોની હકાલપટ્ટી કરે તેમ પણ માનવામાં આવે છે. આશરે ૫૦૦ જેટલા કર્મચારીઓની હકાલપટ્ટી કરાય તેમ માનવામાં આવે છે. જો કે આ સંબંધમાં પણ કોઈ નિર્ણય લેવાયો નથી. જો કે નવી ભરતી પ્રક્રિયા ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે મારૂતી પ્રોડક્શન પ્રક્રિયામાંથી કોન્ટ્રાક્ટર વર્કરોને દૂર કરવા માગે છે. માનેસર પ્લાન્ટમાં આશરે ૩૦૦૦ વર્કરો પૈકી મારૂતી અડધાથી વધુ કર્મચારીઓને કાઢી મૂકવા માગે છે જે હાલ કોન્ટ્રાક્ટ ઉપર છે. હિંસામાં સામેલ નહીં રહેલા ઘણા લોકો સહિત મોટાભાગના વર્કરો ધરપકડ અને પોલીસ દ્વારા પૂછપરછની દહેશતના કારણે અંડર ગ્રાઉન્ડ થઈ ગયા છે.

એલઆઈસીના પૂર્વ વડા UTIMFના વડા બનશે

નવી દિલ્હી,તા.૩૦

એલઆઈસીના ભૂતપૂર્વ વડા ટીએસ વિજિયન હવે યુટીઆઈએમએફના વડા બને તેવી શક્યતા છે. ટીએસ વિજિયન એલઆઈસી હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન સપાટી ઉપર આવ્યા બાદથી વિવાદના ઘેરામાં હતા. જો કે સીબીઆઈ અને સીબીસી જેવી સંસ્થાઓ હવે તેમને ક્લીનચીટ આપી ચૂકી છે અને તેઓએ કોઈ ખોટું કામ કર્યું નથી તેવી વાત જાહેર થઈ ચૂકી છે.

વિજિયને ગયા વર્ષે એલઆઈસીના ચેરમેન તરીકે તેમની અવધી પૂરી કરી લીધી હતી પરંતુ એલઆઈસીના ચેરમેન તરીકે એક્ટેન્શન આપવાનો નિર્ણય કરાયો ન હતો. હવે એમ માનવામાં આવે છે કે વિજિયનને યુટીઆઈએમએફ ની જવાબદારી સોંપવામાં આવે તેવી સંભાવના છે. અલબત્ત, એલઆઈસી ગ્રૂપની અંદર એક પોસ્ટની ઓફર તેમને કરવામાં આવી હતી પરંતુ વિજિયને આ હોદ્દો લેવાનો ઈન્કાર કર્યો હતો. કારણ કે આ હોદ્દો ખૂબ જ જુનિયર ઓફિસરનો છે. સરકાર તેમને યોગ્ય ઓફરની તૈયારી કરી રહી છે ત્યારે યુટીઆઈએમએફનો હોદ્દો તેમના માટે યોગ્ય રહેશે. ફંડ હાઉસ પૈકી માત્ર એલઆઈસી જ નહીં બલ્કે અન્ય કંપનીઓ પણ તેમના માટે પ્રયાસ કરી રહી છે. તેના શેર ધારકો ટોચના હોદ્દાને બે ભાગમાં વિભાજિત કરવા ઈચ્છે છે જેમાં ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટરનો સમાવેશ થાય છે.

પંજાબમાં સ્કૂલ બસ ટ્રેનની સાથે ટકરાઈ : પાંચ બાળકોનાં મોત

અમૃતસર,તા.૩૦

પંજાબના અમૃતસર જિલ્લાનાં વ્યાસમાં આજે સવારે એક સ્કૂલવાન ટ્રેન સાથે ટકરાઈ જતાં ઓછામાં ઓછા પાંચ બાળકોનાં મોત થયા છે અને મોટી સંખ્યામાં બાળકોને નાની-મોટી ઈજા થઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે સવારે ડાબાબકલા નજીક ભાલોજલા નજીક માનવરહિત ક્રોસિંગ ખાતે સ્કુલવાન ટ્રેન સાથે ટકરાઈ ગઈ હતી. બનાવ બન્યા બાદ ઘાયલ થયેલા બાળકોને તરત જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. ૧૦ બાળકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. દુર્ઘટના થઈ ત્યારે બસમાં ૨૧ બાળકો મુસાફરી કરી રહ્યા હતાં. ઘટના સ્થળથી ૨૧ સ્કુલબેગ કબજે કરવામાં આવ્યા છે અને તેમનાં માતા-પિતાને જાણ કરવામાં આવી છે. પોલીસનાં જણાવ્યા મુજબ મિની લોકલ ટ્રેન વ્યાસ રેલવે સ્ટેશનથી ગોઈન્ડવાલ તરફ જઈ રહી હતી એ વખતે અમૃતસરથી આશરે ૩૫ કિલો મીટરનાં અંતરે સ્થિત કોટમેહતાબસિંહ ગામ નજીક આ દુર્ઘટના સર્જાઈ હતી. માર્યા ગયેલા બાળકોની વય ૧૨થી ૧૪ વર્ષની હોવાનું જાણવા મળી રહ્યું છે. તપાસ કરનાર ડીએસપીએ કહ્યું છે કે, બસ ખૂબજ ઝડપથી પસાર થઈ રહી હતી. ધારાધોરણ કરતાં વધુ ઝડપથી માનવરહિત ક્રોસિંગ પરથી આ બસ પસાર થઈ રહી હતી. અકસ્માત થવાનું કારણ જાણી શકાયું નથી. આમાં પોલીસે તપાસ હાથ ધરી છે. મૃતક બાળકોની ઓળખવિધિ કરી લેવામાં આવી છે.

ટાટ્રા સોદાબાજી કેસમાં જવાબ આપવાનો હુકમ

નવીદિલ્હી,તા.૩૦

સુપ્રિમ કોર્ટે ટાટ્રા ટ્રક સોદાબાજીમાં તપાસનો સામનો કરી રહેલાં વેક્ટ્રા ગ્રુપના ચેરમેન રવિન્દ્રકુમાર ઋષિની અરજીનો જવાબ આપતાં સીબીઆઈને આદેશ આપ્યો છે.

તબીબી સારવાર માટે વિદેશ જવા પરવાનગી માટેની માંગ કરીને ટાટ્રા ટ્રક સોદાબાજીના મામલામાં તપાસનો સામનો કરતાં રવિન્દ્ર ઋષિએ પરવાનગી માંગી છે. જસ્ટીસ અલતામસ કબીરની સુપ્રિમ કોર્ટની બેંચે જવાબ દાખલ કરવા સમયની માંગણી કરીને એડિશનલ સોલિસીટર જનરલ હરી રાવલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનો જવાબ આપવા સીબીઆઈને પરવાનગી આપી દીધી છે. સીબીઆઈ દ્વારા જવાબ સામે રિજોઈન્ડર દાખલ કરવા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીને કહેવાયું છે.

ઢળવાશની ક્ષણોમાં (પાના નં. ૪ નું ચાલુ)

પરંતુ અમારું તો માનવું છે કે ફ્રન્ટ પેઇજના - ઘારો કે પાંચ - સમાચારોમાંથી એકાદ ઓછા મહત્ત્વના સમાચારને કોઇ બીજા જ પાને લઇ જઇને અને એ જગ્યા બાકીના ચાર મહત્ત્વના સમચારો માટે વાપરી શકાય તો વાંચકો 'ચાર અનુસંધાન વાંચવામાંથી બચી જાય!'

'હાશ બચ્યા (૧)' કહીને લોકો ચાર - ચાર વખત આશીર્વાદ આપે! વાંચકોની મહેનત અને દાંત કચકચાવવાનું બચે અને ન્યૂઝપેપરવાળાઓને આશીર્વાદ મળે!

બંને પક્ષે ફાયદો!

'ગુજરાત સરકાર' અને 'જાપાની કંપનીઓ' વચ્ચેના સહકારની માફક જ!

અમારા મિત્રે અમને સવાલ કર્યો કે ઓછા મહત્ત્વના સમાચાર તમે કોને ગણો?

અમે જવાબ આપ્યો કે - ફ્રન્ટ પેઇજ ઉપર બોક્સમાં જો આ પ્રમાણેના સમાચાર હોય -

'પતિ-પત્ની વચ્ચેના ઝઘડામાં પડોશનો હાથ?!'

એક દિવસ જમવામાં અક્ષરધામનાં 'પ્રેમવતી' ઉપહારગૃહની ગુજરાતભરમાં પ્રખ્યાત (અને હવે તો કદાચ જાપાનમાં પણ પ્રસિધ્ધિ પામેલ હશે તે!) ખીંચડી જેવી જ ખીંચડી પીરસાઇ હતી તેથી પતિથી સ્વાભાવિકપણે જ વખાણ થઇ ગયા! બસ, આ વખાણ સાંભળી પત્ની દાઝી ગઇ! કારણ કે ખીચડી પડોશણના હાથની બનાવટ હતી! તેમાં તો પતિ-પત્ની વચ્ચે ઝઘડો થઇ ગયો! પતિને થયું કે 'વખાણી ખીચડી દાદે વળગી' એવી કહેવત સાંભળી છે પરંતુ આ તો વખાણી ખીચડીએ મહાભારત સર્જ્યું!

આમ પતિ-પત્ની વચ્ચેના ઝઘડામાં પડોશણનો 'હાથ' હતો! જોગાનુજોગ પડોશણનું નામ સોનિયા હતું!'

તો ફ્રન્ટ પેઇજમાં આ 'પતિ પત્ની ઔર વો!' ટાઇપના બોક્સને બીજા કોઇ પણ પાને લઇ જઇ શકાય!

હવે 'અનુસંધાન' વાળી વાતનો પણ અહીં જ અંત લાવીએ કારણ કે નહીં તો આ લેખ માટે પણ 'ગાંધીનગર સમાચાર'માં વાંચવું પડશે -'અનુસંધાન છઠ્ઠે પાને!'